# BAOUમાં મહિલાઓનું સશક્તિકરણનો કાર્યક્રમ: POSH એક્ટ 2013 અને મહિલાલક્ષી યોજના પરની કાર્યશાળામાં હાઈકોર્ટના જસ્ટિસે વિશેષ માર્ગદર્શન આપ્યું

ફીડબેક આપો

અમદાવાદ
3 દિવસ પેહલા




ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા જેન્ડર રિસોર્સ, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ, કમિશનરની કચેરીના સંકલનમાં અમલી "સેતુ કાર્યક્રમ અંતર્ગત આજ તારીખ 1/02/2025ના રોજ "મહિલા કાયદાઓ (POSH એક્ટ 2013) અને યોજના" વિષય ઉપર એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું

વીડિયો વધુ જુઓ

Advertise with Us | Sitemap | Terms & Conditions and Grievance Redressal Policy | Contact Us | RSS | Cookie Policy | Privacy Policy

Our Divisions
DainikBhaskar.com
DivyaBhaskar.com

હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. અમીબહેન ઉપાધ્યાયએ અધ્યક્ષીય ઉદ્બોધન આપ્યું. જેમાં તેમણે કહ્યું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સેક્સ્યુઅલ હેરેસમેન્ટનું કોઈ સ્થાન નથી.




પ્રથમ સત્રમાં સેતુ કાર્યક્રમના નોડલ ઓફિસર પ્રો. પ્રિયાંકીબહેન વ્યાસ દ્વારા પ્રાસંગિક ઉદબોધન અને વાક્તાનો પરિચય આપવામાં આવ્યો. મુખ્ય વક્તા તરીકે ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ મૌનાબહેન ભટ્ટએ PPT અને વીડિયોના માધ્યમથી ખુબ જ સરળ રીતે મહિલાલક્ષી કાયદાઓ વિશે જાણકારી આપી હતી. જેમાં તેમને મહિલા કાયદાઓ (POSH એક્ટ 2013) અને યોજના વિશે પણ માહિતી આપી હતી. મહિલાઓ સાથે થતાં સેક્સ્યુઅલ હેરેસમેન્ટ શું છે અને તેનો સામનો કરવા માટે કાયદામાં કેવા પ્રકારની જોગવાઈઓ છે. તેના વિશે પણ માહિતી આપી હતી. તેઓએ ખાસ કહ્યું કે, કાયદાનો ક્યારેય દૂરઉપયોગ ન થાય એ વાત ઉપર ભાર મુક્યો હતો.

BhaskarEnglish.in
DivyaMarathi.com
MoneyBhaskar.com
BhaskarAd.com
Copyright © 2024-25 DB Corp ltd., All Rights Reserved
This website follows the DNPA Code of Ethics.



આ કાર્યક્રમના અંતમાં ડૉ. નિશાબહેન જોષી, (ડાયરેક્ટર એસ.ડી)એ આભાર વિધિ કરી હતી. કાર્યક્રમમાં યુનિવર્સિટીના દરેક શૈક્ષણિક, બિનશૈક્ષણિક અને સફાઈ કર્મચારીઓએ ભાગ લીધો હતો. પ્રથમ સત્રનું સંચાલન દિવ્યા બહેન દરજી દ્વારા કરવામાં આવ્યું હતું. દ્વિતીય સત્રમાં GTU અમદાવાદના લીગલ એક્સપર્ટ હેમલતાબહેન ભટ્ટ અને BAOUના લીગલ આસિસ્ટન્ટ મૈત્રીબહેન ત્રિવેદી મુખ્ય વક્તા તરીકે જોડાયા હતા.



હેમલતાબહેન ભટ્ટએ PPTના માધ્યમથી સરકારમાં ક્યા પ્રકારની મહિલાલક્ષી યોજનાઓ છે તેના વિશે જાણકારી આપી. તેઓએ આ યોજનાઓ દ્વારા કેવા લાભો મળી શકે છે અને આ યોજનાઓ વિશે ક્યાંથી માહિતી મળી શકે છે તે વિશે માહિતી આપી હતી. મૈત્રીબહેન ત્રિવેદીએ ડોમેસ્ટીક વાયલેન્સ એક્ટ

2005 અને PoSH એક્ટ 2013 વિશે જાણકારી આપી અને આ એક્ટ અંતર્ગત ક્યાં પ્રકારના ગુનાઓ આવે છે તેની પણ માહિતી આપી હતી. તેઓએ રાજા શાન્તનુંની વાર્તા કહી જણાવ્યું કે, પહેલાના જમાનામાં મહિલાઓ કેટલી પ્રભાવશાળી હતી. આ કાર્યક્રમનું સફળ આયોજન સેતુ કાર્યક્રમના નોડલ ઓફિસર પ્રો. પ્રિયાંકીબહેન વ્યાસ પ્રો અને ડૉ. નિશા જોષી દ્વારા કરવામાં આવ્યું. દ્વિતીય સત્રનું સંચાલન ડૉ. ભાગ્યશ્રીબહેન રાજપૂત દ્વારા કરવામાં આવ્યું હતું.










## અન્ય સમાચારો પણ છે...

**IPS અભય ચુડાસમાનું રાજીનામું: ઓક્ટોબર મહિનામાં નિવૃત્ત થવાના હતા, 6 મહિના પહેલા રાજકારણને લઈ નિવેદન આપી ચર્ચામાં આવ્યા હતા**




અમદાવાદ >

શેર